વન અધિકાર અધિનિયમ-૨૦૦૬
હેઠળ માન્ય દાવાઓની જમીન
માપણી સંદર્ભે સમિતિની રચના.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: વનઅ-૧૦૨૦૧૬-૭૨૪-ચ.૧**

સચિવાલય, ગાંધીનગર.

તા.03/૧૧/૨૦૧૬

***ઠરાવ:***

રાજ્યમાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અમલમાં છે. અધિનિયમ હેઠળ લાભાર્થીને માન્ય કરવામાં આવેલ વન જમીનની માપણી અને તેની હદ માર્કીંગ, જે તે જમીનના પ્લોટ સંદર્ભે D.I.L.R ના સર્ટીફીકેશન અને મહેસુલી રેકોર્ડ, ૭/૧૨ માં જે તે લાભાર્થીઓના અધિકારોની નોંધ સંદર્ભે નિયમોમાં જોગવાઇ છે. આ સંદર્ભે જે તે લાભાર્થીને માન્ય કરેલ અધિકારો આનુષાંગિક કાર્યવાહી ઝડપી બનાવવા અને થયેલ કામગીરીની સમીક્ષા સંદર્ભે નીચે જણાવેલ અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | અધ્યક્ષ |
| (૨) | નાયબ સચિવશ્રી (વન્ય જીવન અને ઇન્ચાર્જ ફોરેસ્ટ રાઇટ એક્ટ), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | સભ્ય |
| (3) | અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (જમીન), અરણ્ય ભવન, ગાંધીનગર/ પ્રતિનિધી | સભ્ય |
| (૪) | નાયબ કલેકટરશ્રી (FRA) આદિજાતિ વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર | સભ્ય |

સમિતિએ વન અધિકાર અધિનિયમ હેઠળ માન્ય વન જમીનની માપણી સંદર્ભે ક્ષેત્રિય મુલાકાત લઇ અગાઉ થયેલી માપણી અને વર્તમાન માપણીની પ્રક્રિયા ઝડપી બનાવવા કાર્યવાહી કરવાની રહેશે. આ માટે જરૂર જણાય ક્ષેત્રિય અને સ્થળ મુલાકાત લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ પટેલ )
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ જાણ અર્થે રવાના:-**

- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, આ.વિ.વિ.ના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કલેક્ટરશ્રી અને અધ્યક્ષ, જિલ્લા વન અધિકાર સમિતિ, તમામ અનુસુચિત જિલ્લા
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (જમીન), સભ્ય અરણ્ય ભવન, ગાંધીનગર/પ્રતિનિધી
- નાયબ સચિવશ્રી (વન્ય જીવન અને ઇન્ચાર્જ ફોરેસ્ટ રાઇટ એક્ટ), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ કલેકટર (FRA) આદિજાતિ વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર
- ક્ષેત્રિય વન અધિકારીશ્રીઓ, તમામ અનુસુચિત જિલ્લા
- પ્રાયોજના વહીવટદારશ્રીઓ, તમામ અનુસુચિત જિલ્લા
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ- વેબસાઇટ પર ઠરાવ અપલોડ કરવા અંગે.
- નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેક્ટ ફાઇલ